# ❀ પ્રગતિની પગદંડી ❀

સહાય એમના માટે જ સહાય હોય છે, જેઓ કશું પણ કામ કરવા માટે બિલકુલ સમર્થ ન હોય, જેઓ સમર્થ હોય છે એમના માટે સહાય એ હાય બની જાય છે. હા, ખરેખર હાય. એના પાંચ કારણો છે.

**(૧) સહાય લેતા રહેવાથી સત્ત્વ ઘટતું જાય છે.**

**(૨) સહાય લેતા રહેવાથી શોભા અને આબરુ ઘટતા જાય છે.**

**(૩) સહાય લેતા રહેવાથી આળસ ચડતી જાય છે.**

**(૪) સહાય લેતા રહેવાથી આપણી શક્તિઓ કુંઠિત થતી જાય છે.**

**(૫) સહાય લેતા રહેવાથી કદી ઊંચા નથી આવી શકાતું.**

મારા ભાઈ !
મફતમાં વસ્તુ મળે કે રૂપિયા મળે
એટલા માત્રથી રાજી ન થઈ જવાય.
તમને લાગે છે ? કે આનાથી તમારા ઘરની આબરુ સચવાશે ?
તમને લાગે છે ? કે આનાથી તમારા સંતાનો પરણાવવામાં વાંધો નહીં આવે ?
તમને લાગે છે ? કે આનાથી ભવિષ્યની સલામતી મળી શકશે ?

મારા ભાઈ !
તમે કદી એવું જોયું ?
કે શ્રીમંત માણસ પોતાના ઉંમરલાયક છોકરાને ય
ધંધો-નોકરી વગેરે કશું કરાવ્યા વિના ફક્ત એને
દર મહિને વસ્તુ-પૈસા આપ્યા કરે ?
શ્રીમંત માણસ આવું કરી શકે, એમાં એને કોઈ વાંધો ન આવે,
દીકરો કશું ન કમાય તો ય પૈસાની ખોટ નથી પડવાની,
**છતાં કોઈ શ્રીમંત આવું કરતા નથી, બલ્કે નિયંત્રણો લાદીને**
**દીકરાને ૬/૮/૧૦ કલાક કામ કરવાની ફરજ પાડે છે**
**કારણ કે એ બરાબર સમજે છે કે**
**એમ બેઠા બેઠા ખાધે રાખવામાં દીકરાનું હિત નથી.**

બરાબર એ જ રીતે.
આજે હું સ્વજન તરીકે તમને કહું છું,
જો તમે અતિ વૃદ્ધ કે અતિ બીમાર ન હો,
જો તમે શરીરથી અને મનથી થોડા પણ સક્ષમ છો,
તો તમારે યોગ્ય કામે લાગી જવાથી
તમારું આલોક-પરલોકનું હિત થશે.
આલોકમાં સમૃદ્ધિ, આબરુ, સત્ત્વ અને શોભા વધશે,
જેમને ખરેખરી જરૂરિયાત છે એવા ભાઈઓ વધુ સહાય મેળવી શકશે
તેમને વિઘ્નરૂપ ન થવાથી અને ઔચિત્યના પાલનથી
તમારું પરલોકનું પણ હિત થશે.

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

**ભાઈ !**

**તમારે ઉપર આવવું છે ?**

**તો બે કામ કરો,**

**(૧) આળસ છોડો (૨) શરમ છોડો**

**આપણને સહાય લેતા શરમ ન આવે, અને**

**રોડ કે ફૂટપાથ પર નાનો સ્ટોલ કે ટેબલ લઈને**

**ધંધો કરતા શરમ આવે**

**એ આપણી બહુ મોટી ભૂલ છે.**

**જો આપણે સહાય લેવા સુધીની તૈયારી દાખવી ચૂક્યા હોઈએ**

**તો તદ્દન નાનામાં નાના લેવલે પણ ધંધો કરવામાં**

**શરમ આવવાનો સવાલ જ ક્યાં આવે છે ?**

અરે, એ તો શરમની વાત જ નથી,
એ તો આત્મગૌરવની વાત છે
કે આપણે ઈજ્જતની રોટી ખાઈએ છીએ.
નિષ્કારણ માંગણ બનેલા કે ભયંકર ભ્રષ્ટાચારો કરનારા
કહેવાતા શ્રીમંતોથી ય આપણે ઘણા ઊંચા છીએ.

મારા ભાઈ !
ખુમારી અને ખમીરી એ અંદરની શ્રીમંતાઈ છે.
અંદરની શ્રીમંતાઈ બહારની શ્રીમંતાઈને તાણી લાવે છે.
ધીરુભાઈ અંબાણી પણ એક દિવસ પેટ્રોલ પંપે મહેનત કરતા હતા.
એમણે માંગણી દ્વારા ઘર ચલાવવાનું પસંદ કર્યું હોત,
તો આજે આપણે એમને ન ઓળખતા હોત.

મારા ભાઈ,
તમારા સારા માટે કહું છું,
આળસ અને શરમ - આ બે-ને છોડીને

**નાનામાં નાના લેવલથી જે આજે શક્ય હોય**

**તે ખુમારી અને ખમીરી સાથે...**

**ઉછળતી ધગશ સાથે... અખૂટ ધીરજ સાથે...**

**આત્મગૌરવ અને આત્મસમ્માનની લાગણી સાથે...**

**અને પરમાત્માના પવિત્ર સ્મરણ સાથે**

**ચાલુ કરી દેશો,**

**તો અભ્યુદય સામે ચાલીને તમારા આંગણે આવશે.**

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.